(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



# ડીસાના કુંપટ પાટીયા નજીક ૧.૬ લાખના વિદેશી દારૂ સાથે બોલેરો ઝડપાઈ

ડીસા તાલુકાના કુંપટ ગામના પાટીયા પાસે પોલીસે બાતમીના આધારે કાળાકલરની બોલેરો અટકાવી ૭૭૪ બોટલ વિદેશી દારૂ ઝડપી લીધો હતો. ગાડી સહીત રૂા.૪,૦૬,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે. ડીસા તાલુકા પોલીસ મથકના પી.એસ.આઈ. ગૌસ્વામીને બાતમી મળેલ કે ધાનેરા થી ડીસા તરફ કાળા કલરની બોલેરો ગાડી વિદેશી દારૂ ભરીને આવવાની છે. આથી પી.એસ.આઈ. ગોસ્વામી, પો.કો. એન.જી. સોલંકી સહીત સ્ટાફના માણસોએ રાત્રે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું ત્યારે બાતમીવાળી બોલેરો ગાડી નં. જી.જે.૫ સી.પી. ૮૨૬૩ આવી રહી હોવાનું જણાતાં પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ગાડીના ચાલકે ગાડી ભીલડી રોડ તરફ ભગાડી મુકતાં પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કરતાં કુંપટ ગામના પાટીયા પાસે ગાડીને બીનવારસી હાલતમાં છોડી ચાલક ફરાર થઈ ગયો હતો જેમાં તપાસતાં જુદી જુદી બ્રાન્ડની ૭૭૪ બોટલ વિદેશી દારૂ કિંમત રૂા.૧,૦૬,૮૦૦/- મળી આવ્યો હતો. પોલીસે ૩ લાખ રૂપિયાની ગાડી સહિત રૂા.૪,૦૬,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કરી આરોપીઓની ભાળ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

# પાલનપુર ભાજપના ધારાસભ્ય ગોવિંદભાઈને અસંતુષ્ટો અને તેમના નીકટના લોકોએ હરાવ્યા હોવાની ચર્ચા

## ગોવિંદભાઈ વહિવટદારો અને ઠેકેદારોના ભોગ બન્યા

પાલનપુર, તા.૨૨

બનાસકાંઠા જિલ્લામાં ભગવો લહેરાવ્યો હતો અને મોદી મેજીક અને વિકાસના કામોના કારણે કોંગ્રેસનો ગઢ ગણાતા બનાસકાંઠા જિલ્લામાં ભગવો લહેરાયો હતો. ગોવિંદભાઈ નરમ સ્વભાવના અને શાલીનતાથી વર્તાવાવાળા ધારાસભ્યનું બીરૂદ પાલનપુર વિધાનસભાના લોકો દ્વારા મળ્યું હતું.

પાલનપુરમાં વિકાસમાં સૌથી વધુ ગ્રાન્ટો ગોવિંદભાઈ લાવ્યા હતા અને કામો પણ કરાવાયા હતા અને બનાસકાંઠામાં રાજયના વિકાસ પુરુષ મુખ્યમંત્રી ના પ્રવાસો પણ જિલ્લામાં થયા હતા આ તમામ પરિબળો ગોવિંદભાઈની જીતના ભાગ બનતા પણ ટીકીટોની વહેંચણીમાં પાલનપુર વિધાનસભા ભાજપા માટે ૩૧ બાયોડેટા આવેલા અને તેમાં પણ મોદીના બાળસખાને ફરીથી ટીકીટ અપાતાં કેટલાના પેટમાં તેલ રેડાયું હતું. પણ ભાજપા સંગઠનથી જાણીતું છે. સંગઠન પણ બની ગયું પણ કેટલાક અસંતુષ્ટોના છુપા વિરોધ અને રેસમાં રહેનારાઓને ટીકીટથી વંચિત રહેવું પડયું જયારે શહેરના વિસ્તારોની સમસ્યાઓનો નિકાલ ન થતાં અને આગામી પાલિકાના પ્રમુખનો સમય પણ નજદીક આવતાં કેટલાક કાર્યકરો અગ્રણીઓને મોદીના સ્ટેજ પર અને ગોવિંદભાઈના પ્રચારમાં જોતાં આંતર કલેહ વધવા લાગ્યો હતો. જયારે ગોવિંદભાઈની ચૂંટણીનું પ્રચાર માધ્યમ પોતાનું જ કરી નાખનારા સ્વાર્થી એકલખોર લોકોના હાથમાં સોંપાતા અને મીડીયામાં પણ વ્હાલા દવલાની નિતી રાખીને અંગત માણસોને જ સંભાળેલા જયારે કેટલાય મીડીયાવાળા આ ઠેકેદારોના ભોગ બનતાં મીડીયામાં પણ ભારે નારાજગી થતાં તેઓ પણ રોષે ભરાયા હતા.

ગોવિંદભાઈના પ્રચારની છેલ્લી રાત્રીએ પાર્ટીના જ કેટલાક લોકો દ્વારા અસંતોષ વ્યકત કર્યો હોવાની ચર્ચાઓ પરિણામ બાદ થવા લાગી છે. લોકો દ્વારા જાહેર માર્ગો પર તેમજ પાનના ગલ્લાઓ ઉપર લોકમુખે ચર્ચાતા જાણવા મળેલ કે પાંચ થી છ નગરસેવકો પણ નેગેટીવ હતા. ગોવિંદભાઈ આત્મમંથન કરે અને જેમના પર તેમણે વિશ્વાસ મુકયો હતો તેજ તેમના પરાજયનો ભોગ બન્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અસંતુષ્ટોનો સંતોષ સંતોષવા ગોવિંદભાઈનો ભોગ લેવાયો છે તેવી ચર્ચાએ જોર પકડયું છે.



વીરપુરના સંત શ્રી જલારામ બાપાના ચરણોમાં મસ્તક નમાવી મનોમન મંથન કરવાથી જલારામ બાપા મનોકામના પૂર્ણ કરે તેવા અનેક દાખલાઓ સાંભળવા મળે છે. આવા સંતના ચરણોમાં મસ્તક નમાવવા ડીસાથી ભક્તો પગપાળા દ્વારા માગસર સુદ ૯, તા. ૨૧-૧૨-૨૦૧૨ના સવારે ૯ કલાકે પ્રસ્થાન કરી આજે તા. ૨૨-૧૨-૨૦૧૨ના રોજ પગપાળા સંઘ શિહોરી આવી પહોંચતાં શિહોરી લોહાણા સમાજ તેમજ વહેપારીઓ, મહિલાઓ, કુમારીકાઓ, સામૈયા ઢોલ નગારા સાથે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને શિહોરી ખાતે આવેલ લોહાણા વાડીમાં લાવી સન્માન કરવામાં આવ્યું હતું. છન્ય છે આવા ઓલીયારા પીર જલારામ બાપાને કોટી કોટી વંદન કરવામાં આવ્યું હતું. (તસવીર : રામજીભાઈ રાયગોર)

# ડીસામાં વિદ્યાર્થીનીઓએ દિલ્હી ગેંગરેપ વિરૂદ્ધ રેલી કાઢી આવેદનપત્ર આપ્યું

ડીસા, તા.૨૨

દિલ્હીમાં મેડીકલની વિદ્યાર્થીની પર ગુજારેલ પાશવી બળાત્કારે સમગ્ર દેશમાં પ્રત્યાઘાતો સર્જી દિધા છે. નર પિશાચી કૃત્ય કરનારાઓને ફાંસીની સજા આપવા માટે ચો તરફ માંગ ઉઠી રહી છે. ત્યારે ડીસા શહેરમાં પણ આ બનાવને વખોડવા માટે અને આરોપીઓને સખ્ત સજા આપવાની માંગણી સાથે ડીસા શહેરની વિદ્યાર્થીનીઓ અને મહીલાઓ દ્વારા સાંજે પાંચ કલાકે રેલીનું આયોજન કરાયું હતું જેમાં જોડાયેલી મોટી સંખ્યામાં કહેનોએ જોડાઈ સુત્રોચ્ચાર કર્યા હતા.

ડીસા શહેરની વિવિધ સ્કૂલોની વિદ્યાર્થીનીઓ અને મહીલાઓએ શહેરના વિવિધ વિસ્તારોમાં રેલી સ્વરૂપે નીકળી દિલ્હીની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી અને મહીલાઓની સલામતી સામે પ્રશ્નો ખડા કરી આવા કૃત્ય કરનારાઓને આકરામાં આકરી સજા આપવાની માંગણી કરી હતી સાંજે પાંચ વાગે નીકળેલી રેલી શહેરના વિવિધ વિસ્તારોમાં ફર્યા બાદ પ્રાંત કચેરીએ આવેદનપત્ર આપવા માટે પહોંચી હતી જ્યાં પ્રાંત અધિકારી હાજર ન હોવાથી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. વિદ્યાર્થીનીઓએ મામલતદારને ખાસ રજુઆત કરી હતી કે અમે જ્યારે શાળાએથી છુટીએ છીએ ત્યારે કેટલાક બાળકોવાળા અમારી પાછળ આવી અને મોટા મોટા હોરન મારી અમારી મશ્કરી કરતા હોય છે તેમાં સરદારબાગથી લગાવી સંતાશ્રા સ્કુલ સુધી હેરાન પરેશાન કરે છે. જેથી આ અમારી માંગણી ખાસ ધ્યાને લઈ ઘટતું કરશો તેવી અમો વિદ્યાર્થીનીઓની માંગણી છે.

# શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં મહેસાણા જિલ્લાના કુલ ૫૪૬૧૭૦ બાળકોના સ્વાસ્થ્યની તપાસ કરાશે

મહેસાણા, તા. ૨૨

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લાના કુલ ૫૪૬૧૭૦ બાળકોના સ્વાસ્થ્યની સંભાળ માટે તબીબી તપાસણી કાર્યક્રમ યોજાશે.

આ તપાસણી કાર્યક્રમ સંદર્ભે તા. ૨૪ ડિસેમ્બર-૨૦૧૩ થી ૧૯ ફેબ્રુઆરી-૨૦૧૩ સુધી સમગ્ર રાજ્યમાં નવજાત શિશુથી ૬ વર્ષના આંગણવાડીમાં જતા અને ધોરણ-૧ થી ૧૨ પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના બાળકોના આશયથી સંભાળ માટે તબીબી તપાસણી કાર્યક્રમ ચાલનાર હોવાથી મહેસાણા જિલ્લાના કુલ ૫૪૬૧૭૦ બાળકોની તપાસ કરવામાં આવશે. કાર્યક્રમમાં તપાસણી દરમિયાન સામાન્ય બીમારીવાળા બાળકોને સ્થળ પર સારવાર તેમજ વધુ બીમારીવાળા જેવા કે હૃદય, કિડની, કેન્સરની ગંભીર રોગોની સારવાર સુપર સ્પેસ્યાલીસ્ટ તબીબો (નિષ્ણાંત તબીબો) દ્વારા આપવામાં આવનાર છે.

# ઓછા મત અંતરથી જીતનાર ઉમેદવારો ૨૦૧૨માં ઘટ્યાં

## ઊંચા મતદાનના કારણે ખૂબ ઓછા મત અંતરથી જીતનાર ઉમેદવારો ઘટ્યા છે : રોમાંચક આંકડા સપાટીએ આવ્યા

અમદાવાદ, તા.૨૨

ગુજરાત વિધાનસભાના ચૂંટણીના પરિણામ આ વખતે રોમાંચક રહ્યા છે. ૧૦૦૦થી ઓછા મતે જીત મેળવનાર ઉમેદવારોની સંખ્યા ઘટીને ચાર થઈ છે જે ૨૦૦૨માં સાત અને ૨૦૦૭માં નવ હતી. આવી રીતે ૧૦૦૦થી ૩૦૦૦ મતે જીત મેળવનાર ઉમેદવારોની સંખ્યા પણ ૧૯ રહી છે. જે ૨૦૦૨માં ૨૮ અને ૨૦૦૭માં ૧૯ હતી. ૫૦૦૦થી ઓછા મતે જીત મેળવનાર ઉમેદવારોની સંખ્યા પણ ઘટી છે. ૧૩મી વિધાનસભામાં આશરે ૧૯ ટકા એવા ઉમેદવાર છે જ્યાં ૫૦૦૦થી ઓછા મતે જીત મેળવવામાં સફળ રહ્યા છે. જે ૨૦૦૨ અને ૨૦૦૭ની સરખામણીમાં આંકડો આશરે છ ટકા ઓછો છે. ૨૦૦૨ અને ૨૦૦૭ની ચૂંટણીમાં ૪૮ બેઠકો એવી હતી જ્યાં જીત માટે અંતર ૫૦૦૦થી ઓછા મતનું હતું. આ વખતે આવી બેઠક માત્ર ૩૫ રહી છે.

બીજી રોમાંચક બાબત એ છે કે ચાર બેઠકો એવી રહી છે જ્યાં જીત માટે અંતર ૧૦૦૦ મત કરતા પણ ઓછો રહ્યો છે. જ્યારે અધિકારીઓનું કહેવું છે કે ૧૩ બેઠકો એવી રહી છે જ્યાં જીત માર્જિન ૨૦૦૦-૩૦૦૦ની આસપાસ છે. આ ૩૫ બેઠકો પૈકી કોંગ્રેસે ૧૨ બેઠકો જીતી લીધી છે જ્યારે ભાજપે ૧૨ બેઠકો જીતી લીધી છે. બે બેઠકો જીપીપીને ગઈ છે. આંકડા દર્શાવે છે કે ૨૦૦૨માં ૧૦૦૦થી પણ ઓછા મતે જીત મેળવનારની સંખ્યા સાત હતી. ૨૦૦૭માં આ સંખ્યા વધીને નવ થઈ હતી. પરંતુ આ વખતે સંખ્યા ચાર થઈ છે. રસપ્રદ બાબત એ છે કે ૫૦૦૦થી પણ ઓછા મતે જીત મેળવનાર ઉમેદવારોની સંખ્યા સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય ગુજરાતમાં ક્રમશ ૧૪-૩ રહી છે. ઉત્તર ગુજરાતમાં ૫૦૦૦થી પણ ઓછા મતે જીત મેળવનાર ઉમેદવારોની સંખ્યા પાંચ રહી છે જ્યારે દક્ષિણ ગુજરાતમાં ત્રણ રહી છે. દક્ષિણ ગુજરાતમાં ત્રણ ઉમેદવાર કોંગ્રેસના રહ્યા છે. સીમાંકનના કારણે દરેક મત વિસ્તારમાં મતદારોની સરેરાશ સંખ્યા ઘટી ગઈ છે અને આશરે ૩ લાખની આસપાસ રહી છે જેથી જીતેલા ઉમેદવારોમાં માર્જિંગ પણ ઓછો છે.

# બ્રાહ્મણ અને અનુસૂચિત જાતિ ભાજપની નારાજ

# લેઉવા પટેલ ભાજપની સાથે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો આવી ચૂક્યા છે અને નવી સરકારની રચના કરવાની કવાયત પણ શરૂ થઈ ચૂકી છે ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં કેટલીક બાબતો ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ છે. કેટલીક એવી બાબતો છે જે ભાજપ માટે સારી રહી છે જ્યારે કેટલીક બાબતો એવી છે જેના તરફ ભાજપને હજુ પણ ધ્યાન આપવાની જરૂર છે. એકબાજુ લેઉવા પટેલના કારણે ભાજપને કોઈ નુકસાન થયું નથી પરંતુ અનુસૂચિત જાતિ અને બ્રાહ્મણ સમુદાયના લોકો ભાજપની નારાજ દેખાઈ રહ્યા છે અને આ સમુદાયે ચૂંટણીમાં કોંગ્રેસની તરફેણમાં મતદાન કર્યું હતું આ બાબત ઊભરીને સામે આવી છે. કઈ જાતિએ કોની તરફેણમાં મતદાન કર્યું તે નીચે મુજબ છે.

### લેઉવા પટેલ તરફેણમાં

વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય રીતે મહત્વ ધરાવતા લેઉવા પટેલ સમુદાયના લોકો મોદીની ભવ્ય જીતને અટકાવશે તેવી દહેશત ખોટી સાબિત થઈ છે. કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટી મેદાનમાં આવી ગયા બાદ એવી દહેશત છતાવી રહી હતી પરંતુ ચૂંટણીમાં લેઉવા પટેલ સમુદાયના લોકોએ મોદી તરફેણમાં મતદાન કર્યું છે. અલબત્ત ભાજપ માટે મતદાન કર્યું નથી પરંતુ મોદીની તરફેણ ચોક્કસપણે કર્યુ છે. ભાજપે કોંગ્રેસની પરંપરાગત ડભોઈ બેઠક સહિત ૨૯ બેઠકો જીતી લીધી છે. ગોંડલ બેઠક પણ જીતી છે જ્યાં લેઉવા પટેલ મતદારો સૌથી વધારે છે. બીજી બાજુ કોંગ્રેસે કડવા પટેલ દ્વારા વર્ચસ્વ ધરાવતી બેઠકોમાં એન્ટ્રી કરી છે. સૌરાષ્ટ્રમાંથી ૧૧ લેઉવા પટેલ ધારાસભ્યો ચૂંટાયા છે જેમાં ભાજપના ચાર અને કોંગ્રેસના પાંચ સભ્યોનો સમાવેશ થાય છે. જીપીપીના બે સભ્યો આમા સામેલ છે.

### ઠાકોર ભાજપની નારાજ

ઠાકોર સમુદાયના લોકોએ આ વખતે કોંગ્રેસને મત આપ્યા છે. ઠાકોર સમુદાયના લોકો ભાજપના ઉમેદવારોને નુકસાન પહોંચાડવાના પ્રયાસો કરી ચૂક્યા છે. ઠાકોરના મતદારોનો ટેકો મળી ગયા બાદ કોંગ્રેસે ઠાકોર સમુદાયને વર્ચસ્વ ધરાવતી બેઠકોમાં ૨૦૦૭માં ૯ બેઠકોની સરખામણીમાં આ વખતે ૨૧ બેઠકો જીતી લીધી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં ઠાકોર સમુદાયના લોકો વધારે દેખાઈ રહ્યા છે. ભાજપને અહીં સૌથી મોટો ફટકો સિદ્ધપુરમાં પડ્યો છે જ્યાં આરોગ્યપ્રધાન જયનારાયણ વ્યાસની હાર થઈ છે. સિદ્ધપુરમાં ૨૭.૪૬ ટકા લોકો ઠાકોર છે. જો કે ભાજપ ૧૯ કોળી સમુદાયનું પ્રભુત્વ ધરાવતી બેઠકો ઉપર સર્વોપરિતા જાળવી રાખી છે. સૌથી મોટી જીત ભાવનગર ગ્રામીણ બેઠક ઉપર થઈ છે જ્યાં કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલની હાર થઈ છે. પરસોત્તમ સોલંકીએ અહીં શાનદાર જીત મેળવી છે. કોળી સમુદાય ભાજપની તરફેણમાં હોવાનું જાણવા મળ્યું છે.

### આદિવાસી ભાજપની તરફેણમાં

મોદી સરકાર માટે આ વખતે સૌથી સારી બાબત આદિવાસી સમુદાયની રહી છે. ભાજપે આદિવાસી વર્ચસ્વ ધરાવતી બેઠકોમાં તેની મત હિસ્સેદારી અને બેઠકોની સંખ્યા વધારી દીધી છે. ૨૦૦૭માં ભાજપે આ સમુદાયની પ્રભુત્વવાલી નવ બેઠકો જીતી હતી જેની સરખામણીમાં આ વખતે ૧૮ બેઠકો જીતી છે. સીમાંકન બાદ નવી બેઠકોની રચના કરવામાં આવી હતી જ્યાં ભાજપને મોટો ફાયદો થયો છે. જો કે કોંગ્રેસે તેની બેઠકો જાળવી રાખી છે. ભાજપે ડેડીયાપાડામાં કોંગ્રેસને પછડાટ આપી છે. જ્યાં ૮૭ ટકા આદિવાસી મતદારો છે.

### અનુસૂચિત જાતિ, બ્રાહ્મણ કોંગ્રેસ સાથે

કોંગ્રેસને અનુસૂચિત જાતિ અને બ્રાહ્મણ સમુદાયના લોકોના મત મળ્યા છે. પક્ષે અનુસૂચિત જાતી દ્વારા પ્રભુત્વ ધરાવતી બેઠકો ઉપર તેની બેઠકોની સંખ્યા ૨૦૦૭માં એકથી વધારીને છ સુધી પહોંચાડી દીધી છે. બનાસકાંઠામાં વડગામ અને ખેડા જિલ્લામાં મહેમદાબાદ જેવી બેઠકો પર બ્રાહ્મણ સમુદાયના મતદારો સૌથી વધારે છે. ભાજપના ઉમેદવારોની અહીં હાર થઈ છે. ભાજપની બેઠકોની સંખ્યા અહીં ૨૦૦૭માં સાત હતી જે ઘટીને પાંચ થઈ છે.

### ક્ષત્રિય સમુદાય ભાજપ સાથે

ક્ષત્રિય સમુદાયના મતદારોએ જોરદાર રીતે ભાજપની તરફેણમાં મતદાન કર્યું છે. તેમના દ્વારા વર્ચસ્વ ધરાવતી સાત બેઠકો પૈકી પાંચ બેઠકો જીતી લીધી છે. ગોંડલમાં ભાજપના ઉમેદવાર જયરાજસિંહ જાડેજા જીપીપીના ઉમેદવાર ગોરધન ઝડફિયાને પછડાટ આપવામાં સફળ રહ્યા છે. સાવલીમાં ભાજપના બળવાખોર નેતા કેતન ઈમાનદાર અપક્ષ ઉમેદવાર તરીકે જીતી ગયા છે. કપડવંજ સહિત ૩૪ બેઠકો ઉપર ક્ષત્રિય મતદારોનું પ્રભુત્વ રહ્યું છે. અહીં કોંગ્રેસના નેતા શંકરસિંહ વાઘેલાએ ભાજપના નેતા કનુ ડાભીને હાર આપવામાં સફળ રહ્યા છે.

### ચૌધરી સમુદાય ભાજપ સાથે

ચૌધરી સમુદાયને ઉત્તર ગુજરાતમાં મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પરંતુ આ વખતે આ સમુદાયના લોકો ભાજપ સાથે દેખાયા છે. ભાજપે ચૌધરી સમુદાય દ્વારા પ્રભુત્વ ધરાવતી ચાર સીટો પૈકી ત્રણ બેઠકો જીતી લીધી છે. શક્તિશાળી દૂધ સહકારી નેતા શંકર ચૌધરી વાવમાંથી ભાજપની બેઠક ઉપર ચૂંટણી લડ્યા હતા. તેઓએ કોંગ્રેસના ગનીબેન ઠાકોર ઉપર ૧૦,૦૦૦થી વધુ વોટે જીત્યા છે.



આકોલી વડેસર તળાવને બનાવ્યું ક્રિકેટનું મેદાન. જ્યાં વડેચી ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન યુવાનો દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ૨૦થી પણ વધારે ટીમો ભાગ લઈને વડેસર તળાવમાં મેચ રમવા આવે છે. આમ પાણી વિનાના કેટલાય તળાવો હશે જ્યાં યુવાનો - બાળકો દ્વારા ક્રિકેટનું મેદાન બનાવી મેચ રમવાનું પસંદ કરે છે. પરંતુ આપણા નેતાઓ કેમ જાગતા નથી. નદીમાં કે તળાવો પાણી નાંખવા માટે ? બનાસ નદી સાવ કોરી ધાકોર પડી છે ત્યાં ક્વોરીઓવાળા જલસા કરે છે, જ્યાં રોજની હજારો - લાખો ટન રેતી-કોકરી ઉપડે છે તો ક્યાંક સૂકાભઠ તળાવોમાં આવા ક્રિકેટ રસીયાઓ જલસા કરે છે. તો હવે પશુ-પક્ષી અને જગતનો તાત ખેડૂતોના શા હાલ હશે તે કોઈએ જાણ્યું હશે ખરું ? (તસવીર : હેમુભા વાઘેલા, શિહોરી)

# અમદાવાદ અને વડોદરામાં કોંગ્રેસનો પૂર્ણ સફાયો થયો

અમદાવાદ, તા.૨૨

મધ્ય ગુજરાત બે મોટા શહેરો ધરાવે છે અને મધ્ય ગુજરાતમાં આ બે મોટા શહેરોના ચૂંટણી પરિણામો પણ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થાય છે. આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં પણ આ મોટા શહેરોના પરિણામ ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યા છે. મધ્ય ગુજરાતના બે મોટા શહેરોમાં અમદાવાદ અને વડોદરાનો સમાવેશ થાય છે. અમદાવાદ અને વડોદરા જિલ્લામાં કુલ ૩૪ બેઠકો રહેલી છે જે પૈકી કોંગ્રેસને માત્ર ૬ જ બેઠકો મળી છે. જ્યારે એક સીટ સાવલીમાં અપક્ષ ઉમેદવારે જીતી છે. અમદાવાદ અને વડોદરા અને દાહોદ જિલ્લામાં કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થયો છે. દાહોદમાં ભાજપે તેની બેઠકોની સંખ્યા વધારી દીધી છે. આ તમામ મોટા શહેરોમાં વિકાસની પ્રક્રિયાના આધાર ઉપર લોકોએ મતદાન કર્યું છે. અમદાવાદ શહેરમાં ચારે બાજુ વિકાસની પ્રવૃત્તિ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. અમદાવાદ જિલ્લાની ૨૧ બેઠકો પૈકી મોટાભાગની બેઠકો ઉપર ભાજપે સફાયો બોલાયો છે. શહેરી મતદારો ભાજપ તરફી મતદાન કરવામાં સફળ રહ્યા છે. વડોદરામાં મતદારો હમેશા ભાજપ પ્રત્યે કટિબદ્ધ રહ્યા છે. આણંદ અને ખેડા જેવા જિલ્લાઓમાં પણ મૂળભૂત રીતે કોંગ્રેસના ગઢ હોવા છતાં આ વખતે ભાજપ તરફી મતદાન થયું છે. શંકરસિંહ વાઘેલા અને ભરતસિંહ સોલંકીના મજબૂત ગઢ પણ અહીં જ રહેલા છે. ડભોઈમાં સિદ્ધાર્થ પટેલની હાર તમામને આશ્ચર્યની સ્થિતિમાં મૂકે છે. મધ્ય ગુજરાતમાં બે મોટા શહેરો અમદાવાદ અને વડોદરામાં આવેલી મોટાભાગની સીટો ઉપર એક તરફી વર્ચસ્વ ભાજપનું રહ્યુંછે જે ભાજપ માટે ખૂબ સારા સંકેત સમાન છે. વિકાસની પ્રક્રિયાને તમામ લોકોએ સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601